**Municipal School Board**
Municipal Corporation, Bhavnagar.
Near old R.T.O. office,
Navapara, Bhavnagar
Phone & Fax : (0278) 2515646

**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ**
મહાનગર પાલિકા ભાવનગર
જુની આર.ટી.ઓ. ઓફિસ પાસે,
નવાપરા–ભાવનગર
ફોન અને ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૧૫૬૪૬

જાનં. – એસ્ટા/વધઘટકેમ્પ/૨૦૨૪/૮/૨૨૭

તા.૧૭/૦૮/૨૦૨૪.

પ્રતિ,
આચાર્યશ્રી તમામ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાઓ
ભાવનગર.

વિષય:- વધ-ઘટ બદલી કેમ્પના આયોજન બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : એસ્ટા/સેટઅપ-૨૦૨૪/૮/૧૭૪. તા.૧૪/૮/૨૦૨૪.
(૨) પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીનો પત્ર કમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૨૪/૧૩૦૧-૫૨, તા.૧૬/૦૮/૨૦૨૪.
(૩) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઆઇ/112012/621065/ક(પાર્ટ-૧) તા.૧૧/૦૫/૨૦૨૩.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સંદર્ભ-૧ના પત્રથી શાળાઓનું તા.૩૧/૭/૨૦૨૪ની સ્થિતીએ સેટઅપ મંજુર કરવામાં આવેલ છે. જે માટે સંદર્ભ-૩ના ઠરાવના પ્રકરણ-(H) ની જોગવાઇને ધ્યાને લઇ શાળામાં જે તે વિભાગ અને વિષયમાં શિક્ષકની વધ થતી હોય તેમને અન્ય ખાલી જગ્યા વાળી શાળાઓમાં સમાવવા બાબતે સંદર્ભ-૨ના પત્રથી વધ-ઘટ કેમ્પનું આયોજન કરવા સુચના થઇ આવેલ છે. તો આપની શાળામાં મંજુર સેટઅપને ધ્યાને લઇ વધ થતાં શિક્ષક/વિધ્યાસહાયકની વિગતો નિયત નમૂનાના પરીશિષ્ટમાં શાળાના આચાર્યના અભીપ્રાય અને ફોરવર્ડીંગ સાથે તા.૨૦/૦૮/૨૦૨૪ના સાંજના ૬-૦૦ કલાક સુધીમાં મોકલી આપવા જણાવવામાં આવે છે. વિગતો ન મોકલવા અને વધ થતા શિક્ષકને જાણ ન થવી જેવી બાબતોમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો સંપૂર્ણ જવાબદારી આચાર્યશ્રીની રહેશે.

**નોંધ-** (૧) જે શિક્ષકો જિલ્લાફેર બદલીથી શાળામાં ૫૦% મહેકમના કારણે હાજર થઇ શકેલ ન હોય અને જો તે શિક્ષક તા.૩૧/૭/૨૦૨૪ના સેટઅપ મુજબ વધ થતા હોય તો તેમને આ વધ કેમ્પમાં હાજર રહેવા જણાવવાનું રહેશે અને અને તેમનું નિયત નમુનાનું પરિશિષ્ટ સમયમર્યાદામાં કચેરીમાં મોકલી આપવનું રહેશે.

(૨) ઠરાવની જોગવાઇઓને ધ્યાને લઇ આપની શાળામાં વધથી આવેલા શિક્ષકને પોતાની મૂળ શાળામાં જગ્યા ખાલી થતા પરત જવા માટે નિયત નમુનાનું પરિશિષ્ટ ભરી કચેરીમાં મોકલી આપવાનું રહેશે.

(૩) આપની શાળાના ઉપરની વિગતો મુજબના શિક્ષકોને નિચેની વિગતના કેમ્પમાં હાજર રહેવા આપની કક્ષાએથી લેખિતમાં જાણ કરવાની રહેશે, જાણ કર્યા બદલની નકલ કચેરીને મોકલી આપવાની રહેશે.

(૪) શિક્ષકના નિયત નમુના પત્રક સાથે શાળાના આચાર્યએ નીચેના આધારો મોકલવાના રહેશે.

- નિયત નમુનાનું પરિશિષ્ટ.
- માસિક પત્રકની નકલ.
- શિક્ષક હકીકત પત્રક.
- વધ થતા શિક્ષકના આદેશની નકલ.
- વધ થતાં શિક્ષકના હાજર રીપોર્ટની નકલ.

કેમ્પની વિગત
સ્થળ : શાળા નં. ૩૮ પાનવાડી, ભાવનગર
તારીખ:- ૨૨/૦૮/૨૦૨૪, સમય:- સવારના ૧૦.૦૦ કલાકે.

બિડાણ : નિયત નમુના પરિશિષ્ટોની નકલ,

શાસનાધિકારી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર

નકલ સવિનય રવાના : માન.ચેરમેનશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ- ભાવનગર.